# તપખીરિયા કોલસાની ખાણની આગની રાખ

સમૂદાય તથ્ય પત્રક

Department of Health and Human Services એ આ સામાન્ય માહિતી તૈયાર કરી છે જેથી તમને જાણ થાય કે પોતાના આરોગ્ય અને તમારી કાળજી હેઠળના અન્ય લોકોના આરોગ્યને રક્ષણ આપવા શું કરવું જેઓ તપખીરિયા કોલસાની ખાણની આગ દરમિયાન અથવા પછીથી રાખના સંપર્કમાં આવે.

વિશિષ્ટ આગ અથવા કટોકટીની ઘટનાવિશે માહિતી માટે તમારા સ્થાનિક આપાતકાલીન રેડિયો સ્ટેશનને અપડેટ્સ માટે સાંભળો અથવા અહીં મુલાકાત લો www.emergency.vic.gov.au

જો તમે કટોકટીના સ્થળ પર હોવ તો હંમેશા આપાતકાલીન સેવાઓના સૂચનો અનુસરો, જેમકે ઍમ્બ્યુલન્સ ઑફિસરો, પોલિસ અથવા અગ્નિશમન સેવાઓ.

## વિક્ટોરિયા ખાતે તપખીરિયા કોલસાની ખાણની આગ વિશેના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ

- તપખીરિયા કોલસા બળે ત્યારે રાખ ઉત્પન્ન થાય છે. રાખમાં કૅલ્શ્યમ, ઍલ્યુમિનિયમ, પોટૅશ્યમ, સોડિયમ, લોહ અને મૅગનેશ્યમના ઑક્સાઇડ્સ સમાયેલ હોય છે અને કેટલાક કિસ્સાઓમાં સલ્ફરના (ગંધક) ઑક્સાઇડ્સ હોય છે.
- આગ નજીકના સ્થળો પર ધુમાડામાંથી રાખની રજકણો પડતી હોય છે. રાખ એક ઝીણી ભૂકી છે જે સપાટીઓ પર દ્રશ્યમાન હોઈ શકે છે.
- ફેફસામાં શ્વાસ દ્વારા લેવામાં આવે તે માટે રાખની રજકણો અતિ મોટી ગણાતી હોવા છતાં તેનાથી આંખો, નાક અને ગળામાં સ્થાનિક ધોરણે તકલીફનું કારણ બની શકે છે. આ આરોગ્યની અસરોનું નિરાકરણ ઝડપથી થવું જોઇએ. ન થાય તો 1300 60 60 24 પર ફોન કરી NURSE-ON-CALL ને બોલાવો અથવા તબીબી સલાહ લો.

## વિક્ટોરિયા ખાતે તપખીરિયા કોલસાની ખાણની આગના ધુમાડા વિશેના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ

- તપખીરિયા કોલસાની ખાણની આગના ધુમાડામાં ઝીણી રજકણો, પાણીની વરાળ અને કાર્બન મોનોક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ સહિતના વાયુઓ સમાયેલ હોય છે.
- લાટ્રોબ વૅલિ બહાર આવેલ તપખીરિયા કોલસાની ખાણની આગના ધુમાડામાં પણ સલ્ફરના ઑક્સાઇડ્સ સમાયેલ હોઈ શકે.
- તમારે શું કરવું તેના વિષયક નિયમિત અપડેટ્સ માટે તમારા સ્થાનિક આપાત્કાલીન રેડિયો સ્ટેશનને સાંભળો અથવા અહીં મુલાકાત લો www.emergency.vic.gov.au
- અસ્થમા (દમ) સહિતની હૃદય કે ફેફસાની વ્યાધિવાળા લોકો, બાળકો (14 વર્ષ સુધીના), ગર્ભવતી મહિલાઓ અને 65 વર્ષ કરતા વધુ વય ધરાવતા લોકો ધુમાડો શ્વાસમાં લેવાની આસરોથી વધુ સંવેદનશીલ હોય છે.
- જો તમને હૃદય કે ફેફસાની વ્યાધિ હોય તો લખી આપવામાં આવેલ હોય તે પ્રમાણે તમારી દવા લેશો. અસ્થમાના રોગીઓએ પોતાનો અંગત અસ્થમા ઍક્શન પ્લાન અનુસરવો અને રાહતની દવા હાથવગી રાખવી.
- જો તમે અથવા તમારી કાલજી હેઠળના કોઈ પણ વ્યક્તિ ધુમાડો ખાવાથી થયા હોય એવા લક્ષણો અનુભવતા હોવ, તો NURSE-ON-CALL ને 1300 60 60 24 પર ફોન કરશો અથવા તબીબી સલાહ માંગશો.
- કોઈ પણ વ્યક્તિ જેમને શ્વાસ લેવામાં મુશ્કેલી થતી હોય, શ્વાસમાં સિસોટી વાગતી હોય અથવા છાતીમાં સજ્જડતા લાગતી હોય તેમણે તાકીદે તબીબી સહાય માંગવી - 000 પર ફોન કરશો.

## વિક્ટોરિયાના તપખીરિયા કોલસા વિશે

કોલસો હજારો વર્ષો સુધી વનસ્પતિના સ્તરોના નિર્માણ થયા બાદ બનતો હોય છે.

વિક્ટોરિયાના કોલસામાં સામાન્યપણે પુષ્કળ માત્રામાં પાણી, ઓછી માત્રામાં સલ્ફર અને સમાયેલ હોય છે અને પ્રદૂષકોના નીચા સ્તરો હોય છે.

બળતી વખતે વિક્ટોરિયાના તપખીરિયા કોલસા અન્ય કોલસાના પ્રકારોની તુલનામાં ઓછી રાખ પેદા કરે છે.

લાટ્રોબ વૅલિ તપખીરિયા કોલસામાં સલ્ફરની માત્રા ઓછી હોય છે (સુકા વજન તરીકે 0.5% કરતા ઓછું). ઍંગલસી અને બૅક્સ માર્શ તપખીરિયા કોલસામાં સલ્ફર હોય છે (4% સુક્કુ વજન).

## તપખીરિયા કોલસાના ધુમાડામાં શું હોય છે?

કોલસાની ખાણની દરેક આગનું કદ, તે કેટલો સમય બળશે અને તેમાથી પેદા થતી રાખ અને ધુમાડાની માત્રા અલગ અલગ હોય છે.

VICTORIA State Government | Health and Human Services

સમુદાયમાં ધુમાડો અને કોલસાની રાખની માત્રા પણ આબોહવા પર નિર્ભર છે અને લોકો આગથી કેટલા પાસે રહે છે અને કામ કરે છે તેના પર છે.

તપખીરિયા કોલસાની ખાણની આગનો ધુમાડો:

- હવાની ગુણવત્તા ઘટાડી શકે છે અને લોકોના આરોગ્ય પર અસર કરી શકે છે
- તેમાં ઝીણી રજકણ, પાણીની વરાળ, કાર્બન મોનોક્સાઇડ, કાર્બન ડાયોક્સાઇડ અને નાઇટ્રોજન ઓક્સાઇડ સહિતના વાયુઓ સમાયેલ હોય છે અને કેટલાક કિસ્સાઓમાં સલ્ફરના (ગંધક) ઑક્સાઇડ્સ હોય છે
- તેમાં રાખની રજકણો સમાયેલ હોય છે જે ઝીણી ધુમાડાની રજકણો કરતા ઘણી મોટી હોય છે.

## તપખીરિયા કોલસાની રાખમાં શું હોય છે?

તપખીરિયા કોલસાની ખાણની આગની રાખ:

- સામાન્યપણે ધુમાડા સાથે હોય છે
- તે મોટી રજકણોથી બનેલ હોય છે જે સંપૂર્ણતઃ બળી રહ્યું નહીં હોય અને હવામાંથી સપાટીઓ પર ઝીણી ભૂકીના સ્વરૂપે પડતી હોય છે
- તેમાં મુખ્યત્વે કૅલશ્યમ, એલ્યુમિનિયમ, પોટેશ્યમ, સોડિયમ, લોહ અને મૅગનેશ્યમના ઑક્સાઇડ્સ સમાયેલ હોય છે
- તે ફાયરપ્લેસમાં મળી આવતી રાખ સમાન જ હોય છે.

## તપખીરિયા કોલસાની આગ દરમિયાન ધુમાડો મારા આરોગ્ય પર શું અસર કરી શકે?

ધુમાડાનો સામનો તમારા આરોગ્ય પર કેવી અસર કરશે તેનો આધાર, તમારી વય, શું તમને અગાઉથી કોઇ તબીબી વ્યાધિ છે કે કેમ, ધુમાડાયુક્ત પરિસ્થિતિઓમાં તમે કેટલા સક્રિય છો, અને તમે ધુમાડાનો સામનો કેટલા સમય સુધી કર્યો છે તેના પર છે.

અસ્થમા (દમ) સહિતની હૃદય કે ફેફસાની વ્યાધિવાળા લોકો, બાળકો (14 વર્ષ સુધીના), ગર્ભવતી મહિલાઓ અને 65 વર્ષ કરતા વધુ વય ધરાવતા લોકો ધુમાડો શ્વાસમાં લેવાની આસરોથી વધુ સંવેદનશીલ હોય છે.

જો તમને હૃદય કે ફેફસાની વ્યાધિ હોય તો તમારા ડૉક્ટર દ્વારા લખી આપવામાં આવેલ હોય તે મુજબ દવા લેશો.

અસ્થમાના રોગીઓએ પોતાનો અંગત અસ્થમા એક્શન પ્લાન અનુસરવો અને રાહતની દવા હાથવગી રાખવી.

જો તમે અથવા તમારી કાળજી હેઠળના કોઇ પણ વ્યક્તિ ધુમાડો ખાવાથી થયા હોય એવા લક્ષણો અનુભવે, તો NURSE-ON-CALL ને 1300 60 60 24 પર ફોન કરશો અથવા તબીબી સલાહ માંગશો.

જો કોઇ પણ વ્યક્તિ જેમને શ્વાસ લેવામાં મુશ્કેલી થતી હોય, શ્વાસમાં સિસોટી વાગતી હોય અથવા છાતીમાં સજ્જડતા લાગતી હોય તો 000 પર ફોન કરવો.

## તપખીરિયા કોલસાની આગ દરમિયાન રાખ મારા આરોગ્ય પર શું અસર કરી શકે?

કોલસાની ખાણની આગ ધુમાડો અને રાખ ઉત્પન્ન કરે છે.

ફેફસામાં શ્વાસ દ્વારા લેવામાં આવે તે માટે રાખની રજકણો અતિ મોટી ગણાતી હોવા છતાં ધુમાડામાં રહેલ રાખની રજકણો આંખો, નાક અને ગળામાં તકલીફનું કારણ બની શકે છે.

જો આવી અસરોનું નિરાકરણ ઝડપથી લાવવામાં આવે નહીં તો જેવા તમે પડતી રાખથી દૂર જાવ એટલે તબીબી સલાહ લેવી.

## તપખીરિયા કોલસાની આગ દરમિયાન મારા આરોગ્યના રક્ષણ માટે હું શું કરી શકું?

### રાખ

જો તમે રાખના સંપર્કમાં આવો તો તમારા હાથ, ચહેરા અને ગરદન પરથી તે આવશ્યકતા અનુસાર ધોઇ નાંખવી. જો રાખ તમારી આંખમાં જાય તો હળવેથી ચોખ્ખા પાણીથી તે ધોઈ નાંખવી.

સારી સ્વચ્છતા અપનાવો - સપાટીઓ સાબૂ અને પાણીથી લૂછી નાંખો.

### ધુમાડો

આગ દરમિયાન, તમારા સ્થાનિક રેડિયો સ્ટેશન સાંભળો અથવા હવાની ગુણવત્તા અને તમે શું કરી શકો તે વિષયક નિયમિત અપડેટ્સ માટે www.emergency.vic.gov.au ની મુલાકાત લો

ધુમાડાની પરિસ્થિતિમાં, શારીરિક પ્રવૃત્તિ અથવા શ્રમ પડે તેવી શારીરિક પ્રવૃત્તિ કરવી ટાળો. અગાઉથી હૃદય અને ફેફસાની વ્યાધિથી પીડાતા લોકોએ બને એટલો આરામ લેવો જોઇએ.

જો તમને આગનું જોખમ ન હોય ત્યારે મકાનની અંદર ધુમાડાથી દૂર રહો. બારીઓ અને દરવાજા બંધ રાખો.

જો ગરમી હોય અને તમે એર કન્ડિશનર ચલાવો તો તેને 'રિસર્ક્યુલેટ' પર અથવા 'રિયુઝ એર (હવાનો પુનઃ ઉપયોગ)' પર સ્વિચ કરો. આનાથી અંદર આવતી ધુમાડાની રજકણો સીમિત થઈ જાય છે.

જો તમારું ઘર બિનાઅરામદાયક હોય અને જો તેમ કરવું સુરક્ષિત હોય તો ધુમાડાથી દૂર ભાગી જવાનું વિચારો. ધુમાડાથી અસરગ્રસ્ત ન થયો હોય તેવા વિસ્તારની મુલાકાત લો અથવા સ્થાનિક વાતાનુકૂલીત મકાનની મુલાકાત લો જેમકે પુસ્તકાલય, કમ્યુનિટી સેંટર અથવા શૉપિંગ સેંટર.

જો તેમ કરવું સુરક્ષિત હોય તો કોઇ પણ ઘરડા પાડોશીઓ અથવા અન્ય લોકો માટે તપાસ કરશો જેમને વધારાની મદદની આવશ્યકતા હોય.

## ફેસ માસ્ક પહેરવા વિશે શું?

ધુમાડાથી દૂર અંદર રહેવું જ વધુ સારૂ સિવાયકે જો તમે બહાર કામ કરવું ટાળી શકો તેમ ન હોવ.

સાદા કાગળના ધુળના માસ્ક, રૂમાલ અથવા બન્ડાના તમને રાખની મોટી રજકણોનો સામનો ઘટાડી શકે પરંતુ ધુમાડાની ઝીણી રજકણો કે વાયુથી રક્ષણ આપતા નથી.

ખાસ ફેસ માસ્ક (પી2 માસ્ક) ધુમાડાની ઝીણી રજકણો વચ્ચે શ્વાસ લેવામાં વધુ રક્ષણ પૂરું પાડે છે.

પી2 માસ્કનો ઉપયોગ કરવાનો નિર્ણય લેતા પહેલા નોંધી લેશો કે:

- પહેરવામાં તેનાથી ગરમી લાગી શકે અને બિનાઅરામદાયક હોય છે અને સામાન્યપણે શ્વાસ લેવાનું મુશ્કેલ બનાવે છે
- તે વાપરતા પહેલા અગાઉથી હૃદય કે ફેફસાની વ્યાધિ ધરાવતા કોઇ પણ વ્યક્તિએ તબીબી સલાહ લેવી જોઇએ
- જો કોઇ દાઢી રાખતા હોય તો તે યોગ્ય સીલ પૂરું પાડી શકે નહીં
- તેની રચના બાળકના ચહેરા માટે નથી થઈ
- તે તમને કાર્બન મોનોક્સાઇડ જેવા વાયુઓથી તમને રક્ષણ આપતા નથી.

## શું તપખીરિયા કોલસાની આગ પછી રાખ મારા આરોગ્ય પર અસર કરી શકે?

જ્યારે આગ હોલવાઈ જાય ત્યારે આગ નજીકના સ્થળો પરની સપાટીઓ પર ઝીણી ભૂકી જેવી રાખ દ્રશ્યમાન થઈ શકે.

તપખીરિયા કોલસાની રાખ સામાન્યપણે બહુ જોખમી હોતી નથી, જોકે, ત્વચા અને આંખો સાથેનો સંપર્ક રોકવા કોઇ પણ રાખને સાફ કરવી મહત્ત્વપૂર્ણ છે જેથી સંભવિત તકલીફ ન થાય.

## રાખ સાફ કરવા બાબત

સારી સ્વચ્છતા અજમાવો - અંદર રહેલ સપાટીઓ પર પાણીના પોતા કરો. સપાટી પર થર દ્રશ્યમાન હોય તો સાબૂ અને પાણીથી ધોઇ નાંખો.

તે વિસ્તારની સફાઇ ન થાય ત્યાં સુધી નાના બાળકોને રાખ પાસે રમતા રોકવા.

સાફ સફાઇ પ્રવૃત્તિઓ વિશે તમારી સ્થાનિક કાઉન્સિલ પાસે વધુ સલાહ લેવી.

## મને મારા પાળેલા પ્રાણીઓના આરોગ્યની ચિંતા છે. મારે શું કરવું?

ધુમાડાયુક્ત પરિસ્થિતિઓમાં અને તેમ કરવું જો વ્યવહારું હોય તો પોતાની સાથે પાળેલા પ્રાણીઓને અંદર લઈ જશો.

જો તમને તમારા પાળેલા પ્રાણીઓના આરોગ્યની ચિંતા હોય તો તમારા સ્થાનિક પશુ ચિકિત્સકની સલાહ લેશો.

## મને મારા પ્રાણીઓના આરોગ્યની ચિંતા છે. મારે શું કરવું?

જો તમને તમારા પ્રાણીઓના આરોગ્યની ચિંતા હોય તો પશુ ચિકિત્સકની અથવા Department of Environment, Land, Water and Planning Customer Service Centre ગ્રાહક સેવાની સલાહ 136 186 પર લો.

## શું હું મારી વરસાદના પાણીની ટાંકીમાંથી પાણી પી શકું?

જો તમારી વરસાદના પાણીની ટાંકીના પાણીનો સ્વાદ, દેખાવ કે ગંધ અસામાન્ય હોય તો તેનો ઉપયોગ પીવા કે સ્નાન માટે અથવા પાળેલા પ્રાણીઓ માટે કરવો નહીં.

વધુ માહિતી માટે તમારી સ્થાનિક કાઉન્સિલ ખાતે પર્યાવરણીય આરોગ્ય અધિકારી અથવા Department of Health and Human Servicesનો સંપર્ક કરશો.

## શું કોલસાની ખાણની આગની રાખ મારા બગીચા પર અસર કરી શકે?

તેમ છતાં કે રાખ સામાન્યપણે બગીચા માટે સારી ગણાય છે, ગાઢપણે એકત્રિત થયેલ રાખથી છોડ ગુંગળાઈ શકે છે અને તેની વૃદ્ધિ અને અનુજીવન સીમિત થઈ શકે છે.

## મારા બગીચાના શાકભાજી, ફળ કે વનસ્પતિ પર રાખ હોય તો શું હું તે ખાઈ શકું?

ખોરાક ખાવા માટે સલામત છે કે કેમતે નક્કી કરવા માટે હંમેશા સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરવો.  શાકભાજી, ફળ કે વનસ્પતિ ખાતા અથવા રાંધતા પહેલા સારી રીતે ધોઈ નાંખવા.

જો તમને તમારી પેદાશ ખાવાની ઈચ્છા ન હોય તો અસરગ્રસ્ત વનસ્પતિનો નિકાલ કરી તેનું ખાતર બનાવી શકાય.

## મારા ઘરમાં ધુમાડાની દુર્ગંધ આવે છે. મારે શું કરવું?

આગ બુઝાઇ ગયા બાદ જો તમારા ઘરમાંથી ધુમાડાની દુર્ગંધ આવતી હોય તો:

- ઘર ખોલીને તડકો અને તાજી હવાને પ્રવેશવા દો
- પોચા રાચરચીલાને તડકામાં હવા ખાવા દો
- અંદર રહેલ સપાટીઓ પર પાણીના પોતા કરો. સપાટી પર થર દ્રશ્યમાન હોય તો સાબૂ અને પાણીથી ધોઇ નાંખો.

## બહાર પડી રહેલ કપડાનું શું?

ધુમાડાયુક્ત પરિસ્થિતિઓ દરમિયાન જો કપડા દોરી પર સુકવવા મુક્યા હોય તો તે ફરી ધોવા જેથી ધુમાડાની દુર્ગંધ દૂર થાય અને કોઇ પણ રાખના અવશેષ ન રહે જે સંવેદનશીલ ત્વચા પર તકલીફ ઊભી કરી શકે. હજું પણ જો ધુમાડો હોય તો કપડા અંદર અથવા ડ્રાયરથી સુકવવા.

## વધુ માહિતી

### Vic Emergency

વિશિષ્ટ ઘટનાઓ અથવા કટોકટીઓ વિશે વધુ માહિતી માટે અહીં જાવ:
www.emergency.vic.gov.au

### સ્થાનિક આપાતકાલીન રેડિયો સ્ટેશન

વિશિષ્ટ ઘટનાઓ અને કટોકટીઓ વિશે વધુ માહિતી માટે તમારું સ્થાનિક આપાતકાલીન રેડિયો સ્ટેશન સાંભળો.

### NURSE-ON-CALL

રજિસ્ટર થયેલ નર્સની તાત્કાલિક આરોગ્ય સલાહ માટે, દિવસના 24 કલાક, સપ્તાહના 7 દિવસ, 1300 60 60 24 પર ફોન કરો.

### Department of Health and Human Services

તપખીરિયા કોલસાની ખાણની આગના ધુમાડા કે રાખની આરોગ્ય પર પડતી અસરો વિશે અથવા વરસાદના પાણીની ટાંકીના પાણીની ગુણવત્તા વિશે વધુ માહિતી માટે, કામકાજના સમય દરમિયાન 1300 761 874 પર ફોન કરો.

### Environment Protection Authority Victoria

પર્યાવરણ અથવા તપખીરિયા કોલસાની ખાણની આગની રાખના પરિવહન અને નિકાલ પરના અન્ય પ્રભાવ અને હવાની ગુણવત્તા વિશેની માહિતી EPA Victoria પાસેથી 1300 372 842 પર ઉપલબ્ધ થશે.

### સ્થાનિક સરકાર

વરસાદી પાણીની ટાંકીના પાણીની ગુણવત્તા વિશેની સલાહ અથવા સાફસફાઈની પ્રવૃત્તિઓના અપડેટ્સ માટે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

યોગ્ય સ્વરૂપમાં આ પ્રકાશન મેળવવા માટે 1300 761 874 પર ફોન કરો, જેમાં જરૂર પડે તો National Relay Service 13 36 77નો ઉપયોગ કરશો, અથવા environmental.healthunit@dhhs.vic.gov.au ને ઈમેલ કરશો

વિક્ટોરિયન સરકાર, 1 ટ્રેઝરી પ્લેસ, મેલબોર્ન દ્વારા અધિકૃત અને પ્રકાશિત.

© સ્ટેટ ઓફ વિક્ટોરિયા, Department of Health and Human Services નવેમ્બર 2016.